પ્રજાસત્તાક દિનની ઉજવણીનું દહેગામ ખાતે રિહર્સલ યોજાયું

ગાંધીનગર જિલ્લામાં રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક દિન-૨૬ જાન્યુઆરી-૨૦૧૬ની જિલ્લાકક્ષાની ઉજવણી રાષ્ટ્રભક્તિસભર વાતાવરણમાં મ્યુનિસિપલ ગ્રાઉન્ડ, મ્યુનિસિપલ બોયઝ અને ગર્લ્સ હાઈસ્કૂલની પાછળનું મેદાન, દહેગામ ખાતે થનાર છે. આજરોજ પ્રજાસત્તાક દિન ઉજવણીના કાર્યક્રમનું રિહર્સલ કલેક્ટર શ્રી રવિશંકરની ઉપસ્થિતિમાં યોજાયું હતું. કલેક્ટર શ્રી રવિશંકરે સમગ્રતયા વ્યવસ્થા-આયોજન, પરેડ, સાંસ્કૃતિક કાર્યક્રમોનું નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે જિલ્લા પોલીસ વડા શ્રી વિરેન્દ્રસિંહ યાદવ, જિલ્લા પુરવઠા અધિકારી શ્રી નીશાબેન શર્મા, દહેગામ મામલતદાર શ્રી દેસાઈ, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી બારડ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી એમ.એન. રાઠોડ સહિત જિલ્લાના સંબંધિત અધિકારીઓ-કર્મચારીઓ, વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. ગાંધીનગર જિલ્લાની વિવિધ શાળાઓના બાળકોએ પૂર્વ તૈયારીના ભાગરૂપે રાષ્ટ્રભક્તિસભર સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કર્યા હતા.

હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

ના.. મે નથી લખ્યું... એમણે કહ્યું કે... આ શૌર્ય અને વિરતાનાં પ્રસંગનું ભાષણ છે... એ પરણેલા માણસનું કામ નથી...!!

સિટી વિધિન સિટીના વિચાર સાથે આકાર પામી રહેલું હાઈટેક 'ગીફ્ટસિટી'

ગાંધીનગર, તા. ૨૪

આપણા શહેરો મોટાભાગે ગીચ વસ્તીવાળા, જ્યાં ત્યાં ઉભી થયેલી ઝુંપડપટ્ટી અને ગંદકીથી ખદબદતા જોવા મળે છે. પરંતુ ગાંધીનગરની નજીક આકાર પામી રહેલ 'ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક સિટી' એટલે કે ગીફ્ટ સિટી શહેર અંગેના આપણા પરંપરાગત ખ્યાલને બદલી નાંખશે. હોંગકોંગ, ચીલીકોન વેલી જેવા અત્યાધુનિક શહેરોની તુલના કરી શકે તેવા દેશના સૌ પ્રથમ હાઈટેક સ્માર્ટ સિટી તરીકે ગીફ્ટસિટી સમગ્ર દુનિયામાં ઓળખાશે. તેમાં જરાય બેમત નથી. દેશ-વિદેશની ખ્યાતનામ ફાઈનાન્સ ક્ષેત્રની કંપનીઓ, બેંકો અહીં પોતાની શાખા ખોલવા માટે સમજુતિ કરાર કરી ચુકી છે. ૨૦૨૪ સુધી સંપુર્ણપણે નિર્માણ પામનાર ગીફ્ટ સિટી થકી ૧૦ લાખ રોજગારીની તકો નિર્માણ થવાની સંભાવના છે.

ગુજરાત સરકાર અને જીઆઈએફએલસીએલના સંયુક્ત સાહસ દ્વારા જીઆઈએફટીમાં વૈશ્વિક ઈન્ટરનેશનલ ફાયનાન્સીયલ સર્વિસ સેન્ટર બનાવવામાં આવી રહ્યું છે. ગીફ્ટ સિટીનું નિર્માણ સાબરમતી નદીના કિનારે અંદાજે ૮૮૬ એકર જમીનમાં વિકાસ પામી રહ્યું છે. જેનું કામકાજ અંદાજે ત્રણ ભાગમાં દર ચાર વર્ષમાં પુરૂ થશે. જેમકે વર્ષ ૨૦૧૨ થી વર્ષ ૨૦૧૬ પ્રથમ તબક્કામાં, વર્ષ ૨૦૧૬ થી વર્ષ ૨૦૨૦ બીજા તબક્કામાં, વર્ષ ૨૦૨૦થી ૨૦૨૪ ત્રીજા તબક્કો. આમ ગિફ્ટ સિટીનું કામ અંદાજે વર્ષ ૨૦૨૪ સુધી પુરૂ થશે. જેના અંદાજે ૨૬૧ એકર જમીન ઉપર ઈન્ટરનેશનલ ફાયનાન્સીયલ સર્વિસ સેન્ટર બનશે. જે ભારતમાં આ પ્રકારનું પહેલુ વૈશ્વિક નાણાંકીય આઈટી સર્વિસ સેન્ટરનું હબ બનશે.

પ્રથમ તબક્કામાં ૧૪ મીલીયન બીલ્ડઅપ જગ્યાની ફાળવણી પુરી કરવામાં આવી છે. જેમાં વિવિધ ક્ષપનાશીયલ, રેસીડેન્ટલ અને સોસીયલ સુવિધાનુ કામ પુરૂ થવાના આરે છે. જેમાંથી કેટલીક ઈન્ટીસ્ટ્યુટ જેમ કે બેન્ક, ઈન્સ્યોરન્સ અને આઈટી કંપનીએ ગિફ્ટ સિટીમાં પહેલેથી જ પોતાની ઓફીસ શરૂ કરી દીધી છે.

ગીફ્ટ સિટીનું કામ અંદાજે વર્ષ ૨૦૨૪માં પુરૂ થશે. ત્યારે લગભગ ૧૦ લાખ જેટલી નવી રોજગારીની તકો ઉભી થશે અને આ મેગા પ્રોજેક્ટના વિકાસ માટે રૂ. ૯૬૦૦ કરોડનું રોકાણ વિવિધ ડેવલોપર દ્વારા કરવામાં આવશે.

ગીફ્ટ સિટીમાં કેટલીક નામાંકીત સંસ્થાઓ પહેલેથી જ જગ્યાની ફાળવણી કરેલ છે. જેમાંથી ઓરકેલ, એસબીઆઈ, એલઆઈસી, એચડીએફસી બેંક, બેંક ઓફ ઈન્ડીયા, બોબ, કોર્પોરેશન બેન્ક, સીન્ડીકેન્ટ બેંક રીલાયન્સ નેશનલ કેપીટલ લીમીટેડ વિગેરે સામેલ છે. તથા યસ બેન્ક, આઈડીબીઆઈ બેન્ક, ફેડરલ બેન્ક વગેરેએ આરબીઆઈ પાસેથી ગીફ્ટ સિટીમાં યુનિક શરૂ કરવા માટે મંજુરી મેળવી લીધી છે. તથા લીડીંગ ટેક અને કોમોડીની જેવી કે બીએસઈ લિમિટેડ, એનએસસી લિમીટેડ, એનસીડીઈએક્સ લિમિટેડ વિગેરે સાથે ગીફ્ટ સીટી ખાતે શરૂ કરવા માટે એમ.ઓ.યુ. કર્યા છે.

ગાંધીનગર શહેરની નજીક સાબરમતી નદીના કિનારે આકાર પામી રહેલુ ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક સિટી એટલે કે 'ગીફ્ટસિટી' દ્વારા દસ લાખ જેટલી નવી રોજગારીની તકોનું નિર્માણ થશે

ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની આજે બેઠક મળશે.

● ગાંધીનગરમાં તાપમાનનો પારો આજે ૬.૬ સુધી ગગડી જતાં લોકોએ ગરમ વસ્ત્રો ધારણ કરી આખો દિવસ ઘરમાં જ વિતાવ્યો હતો.

● નવી દિલ્હી ખાતે કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા યોજવામાં આવેલ યુવા મતદાર મહોત્સવમાં ગુજરાતની ટીમે ભાગ લીધો હતો.

● ગાંધીનગર જિલ્લામાં ઠંડીના બીજા રાઉન્ડથી ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

● ગાંધીનગર-અમદાવાદ વચ્ચે દોડતી બસોના સમય-પત્રકને નવેસરથી તૈયાર કરવુ જોઈએ કારણ કે ઘણી બસો સમયસર અને નિયમિત દોડતી નથી તેવી લોકજીભે ચર્ચા જાગી છે.

● ૨૬ થી ૨૯ જાન્યુઆરી દરમ્યાન ગાંધીનગર શહેરમાં સૌથી વધુ લગ્નો યોજાયા છે.

● ગાંધીનગર મહાનગરપાલિકામાં હવે મા અમૃતમ્ અને મા વાત્સલ્ય કાર્ડની સુવિધા ઉપલબ્ધ બની છે.

ખેલમહાકુંભમાં ડભોડાની એમ.એચ. વિદ્યામંદિરની ટીમો વિજેતા બની

ગાંધીનગર, તા.૨૪

ડભોડા સ્થિત એમ.એચ. વિદ્યામંદિર ખાતે ખેલ મહાકુંભ-૨૦૧૬ અંતર્ગત ગાંધીનગર તાલુકા કક્ષાની વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. ખો-ખો રમતમાં અંડર-૧૬ ભાઈઓ તથા બહેનો અને ૧૬ વર્ષથી ઉપરના ભાઈઓ તથા બહેનોની ટીમ વિજેતા બની હતી. આ ઉપરાંત રસ્સા ખેંચ સ્પર્ધામાં અંડર-૧૬, એબવ-૧૬, ૪૫, ૬૫ વર્ષના ભાઈઓ-બહેનોની કુલ ૭ટમો વિજેતા બની હતી. ડભોડા એમ.એચ. વિદ્યામંદિરની ટીમો વિજેતા બની શાળાનું ગૌરવ વધાર્યું હતું. સમગ્ર ખેલાડીઓ માટે શ્રી હનુમાનજી મંદિર ડભોડા દ્વારા મફત ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. કેળવણી મંડળ ડભોડાના પ્રમુખ આચાર્ય, વિજેતા બનેલ વિદ્યાર્થીઓને તેમજ વ્યાયામ શિક્ષક દલસંગભાઈ ચૌધરીને સમગ્ર શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

સહયોગ મંડળ દ્વારા આંગણવાડીઓમાં ચણા અને ખજૂરનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૨૪

તાજેતરમાં સહયોગ મંડળ દ્વારા ગાંધીનગર જિલ્લામાં આવેલ આંગણવાડીઓમાં ચણા અને ખજૂરનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં પાલજ-૧, ૨, મોટા ચિલોડા-૧ થી ૪, મહુન્દ્રા-૧, ૨, ધણપ-૧ થી ૩, ગિયોડ-૧-૨, છાલા ૧ થી ૭, કાનપુર-૧-૨, ચંદ્રાલા-૧ થી ૩ તેમજ આલમપુર-૧ થી ૩ સહિતના આંગણવાડી કેન્દ્રોની રૂબરૂ મુલાકાત લઈ વિતરણ કરાયું હતું. બાળકોને પોષક તત્વો મળી રહે તે હેતુથી વિતરણ કરવામાં આવ્યું હતું. આંગણવાડીઓના ૫૮૦થી વધુ બાળકોને ચણા તથા ખજૂરનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યમાં પ્રીતીબેન પટેલ હાજર રહ્યા હતા.

ચોર્યાસી વિધાનસભા બેઠક પર ભાજપનો ભવ્ય વિજય

અમદાવાદ,તા. ૨૪

ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ તરીકે અમિત શાહની નિમણૂંક થઈ છે ત્યારે ગુજરાતના પ્રતિષ્ઠિત ચોર્યાસી વિધાનસભા બેઠકમાં ભાજપે શાનદાર જીત મેળવી છે. સુરતમાં ભાજપે ફરી એકવાર પોતાની ઉપસ્થિતિ અને તાકાત પુરવાર કરી છે. ભાજપના મહિલા ઉમેદવાર ઝંખના પટેલે ૪૩૦૦૦ મતથી જીત મેળવી છે.

ઝંખના પટેલ રાજા પટેલના પુત્રી છે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા પણ ચૂંટણી દરમિયાન રેલી યોજવામાં આવી હતી. કોંગ્રેસની સતત ત્રીજી વખત અહીં હાર થઈ છે. કોંગ્રેસે ત્રણ વખતના મ્યુનિસિપલ કાઉન્સિલર ધનસુખ રાજપૂતને મેદાનમાં ઉતાર્યા હતા. કોંગ્રેસ પાર્ટીએ પ્રચાર દરમિયાન સરકારની નિષ્ફળતાના આક્ષેપો કર્યા હતા.

અગાઉ અહીં ભાજપના જ ઉમેદવાર રાજા પટેલ આ બેઠક જીત્યા હતા. પરંતુ તેમના આકસ્મીક અવસાન બાદ અહીં ફરીથી ચૂંટણી કરાવવાની પરિસ્થિતી પેદા થઈ હતી. દરમિયાન પાટીદાર અનામત આંદોલન પણ ફરીથી સક્રીય થતા આ વિસ્તારમાં ભાજપ આવશે કે કેમ તેવો પણ એક ધીમો સુર ઉઠી રહ્યો હતો. જો કે અંતે તમામ અટકળોને કારણે મુકીને અંતે ભાજપનો ભવ્ય વિજય થયો હતો.

શહેરમાં આકર્ષણનું કેન્દ્ર બનતી સુવિધાસભર રીક્ષાની શાહીસવારી

ગાંધીનગર, તા. ૨૪

"શોખ બડી ચીજ હૈ" આ ટેગલાઈનને ગાંધીનગરના એક રીક્ષા ચાલકે સાર્થક કરી છે. ગાંધીનગરના માર્ગો પર પુરપાટ દોડતી વૈભવી કાર ઘણી બધી જોવા મળે છે. આ ઉપરાંત શટલીયા જીપ અને પ્રદુષણ ઓંકતી ફેરી રીક્ષાઓની સંખ્યા પણ અનેક છે. પરંતુ આજકાલ ગાંધીનગર શહેરના મિજાજ મુજબ અહીં રીક્ષાની શાહી સવારી પણ નગરજનો માટે ઉપલબ્ધ છે.

શહેરના એક રીક્ષા ચાલકે પોતાની રીક્ષાને અનોખા શણગાર અને સુવિધાથી સજ્જ કરી છે.

ટીવી,બ્લયુટયુથ અને પેપર સ્ટેન્ડ સહિતની હાઈફાઈ ટેકનોલોજીથી સજ્જ આ રીક્ષા નગરના સિનિયર સિટીજનો માટે હોટ ફેવરીટ બની છે. શહેરના આ યુવાન રીક્ષા ચાલકે પોતાની રીક્ષામાં રુ.૬૨ હજાર જેટલો અધધ ખર્ચ કર્યો છે. જેમાં રીક્ષાની છત પર સ્ટીનલેસ સ્ટીલનો ઉપયોગ કર્યો છે જેને પરિણામે મુસાફરોની સલામતી વધુ મજબુત બની છે. નગરના માર્ગો પર ફરતી આ રીક્ષા અત્યારે હાલ અન્ય રીક્ષાચાલકોમાં પણ આકર્ષણનું કેન્દ્ર બની છે.

ગાંધીનગર નજીક આવેલ વાવોલ ગામમાં સ્થિત ભુમિપાર્ક સોસાયટીમાં પોતાના પરિવાર સાથે રહેતો યુવાન અમિત રાઠોડ શહેરમાં દિવસ દરમ્યાન રીક્ષા ચલાવીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. ધોરણ- ૧૦ સુધીનો અભ્યાસ તેમજ આઈટીઆઈમાં વાયરમેનનો કોર્ષ કરનાર અમિત કંઈક નવું કરવામાં માને છે. રીક્ષા ફેરવતા અમિતને પણ રીક્ષામાં પણ નવિનતા લાવવાનો શોખ હતો. સામાન્ય રીક્ષા ચારેબાજુ થી ખુલ્લી હોવાથી મુસાફરોને શિયાળામાં ઠંડી તેમજ ચોમાસાની સિઝનમાં વરસાદથી ભીજાવું પડે છે. બસ ત્યારથી અમિતના મનમાં મુસાફરોની સલામતીને લઈ રીક્ષામાં કંઈક નવું કરવું છે. તેને પોતાની રીક્ષામા રુ. ૬૨ હજાર ખર્ચ કરીને રીક્ષાને પણ કાર જેવી સુવિધાથી સજ્જ કરી છે. રીક્ષાની ઉપરના ભાગમાં હુડની જગ્યાએ સ્ટીલનેસ સ્ટીલના ૨૦ એમએમના બે પતરાની વચ્ચે થર્મોકોલની સીટ મુકી છે જેનાથી ઉનાળામાં ગરમીનો અહેસાસ પણ મુસાફરને ન થાય. શિયાળાની સિઝનમાં ઠંડી કે ચોમાસામાં મુસાફર ભીંજાય ન જાય તેના માટે ચારેબાજુ દરવાજા મુકવામાં આવ્યા છે. જેનાથી રીક્ષામા રહેલા તમામ ચીજવસ્તુની સલામતી જળવાય. રીક્ષામાં ટીવી, મ્યુઝીક સિસ્ટમ, ઈનવેટર, લાઈટીંગ, ફલોવર તેમજ બ્લુટુથની ફેસીલીટી સહિત મુસાફરોના વાચન માટે બે ન્યુઝ પેપર તેમજ મેગેજીન પણ મુકવામાં આવે છે. સામાન્ય રીતે રીક્ષામાં ૩ સપોર્ટ હોય છે જયારે આ રીક્ષામાં વધુ વજન હોવાથી ૧૨ સપોર્ટ મુકવામાં આવ્યા છે જેને પગલે રીક્ષાની મજબુતાઈ પણ વધી જવા પામે છે. લાખો રુપીયાની ગાડીમાં સુવિધા હોય તેવી સુવિધા આ રીક્ષા ચાલકે પોતાની રીક્ષામાં ઉપલ્બધ કરી છે. રીક્ષામાં મ્યુઝીક સિસ્ટમ તેમજ અવનવા હોર્ન વગાડતી રીક્ષા જયારે નગરના માર્ગો પરથી પસાર થાય છે ત્યારે આ રીક્ષાને જોવાનું નગરજનો ચુકતા નથી. અમિતે અગાઉ સાયકલ પણ બેટરી સંચાલિત બનાવી હતી જે લઈને તે નોકરી જતો હતો. અલાયદી રીક્ષા શહેરના સીટીજનોને વધુ અનુકુળ આવે છે કારણકે તેઓને ત્રણેય સિઝનમાં આ રીક્ષામાં સલામતી લાગે છે જેના કારણે વડિલોમાં આ રીક્ષા હોટ ફેવરીટ બની છે. નગરના માર્ગો પર દોડતી આ રીક્ષા જોઈને અન્ય રીક્ષા ચાલકો પણ પોતાની રીક્ષા આ રીતે શણગારવાનું વિચારે તો નવાઈ નહીં.....કેન્દ્ર બની છે.

વાવોલના અમિત રાઠોડ ૬૨ હજારના ખર્ચે રીક્ષામાં અત્યંત આધુનિક સુવિધાઓ ઉભી કરી છે : કાર જેવા દરવાજા અને સિટીંગ કરતા મુસાફરોને આકર્ષવામાં સફળતા મળી છે